# ગુજરાતી– (Code 010)

# CLASS - IX- X (2021-22)

ધોરણ 9 માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની ભાષાશૈલી અને વિચારબોધ વિકસિત થઈ ચૂક્યા હોય છે એટલે આ તબક્કે તેમને ભાષાજ્ઞાન અને વૈચારિક સમૃદ્ધિ માટે જરૂરી સામગ્રી ઉપલબ્ધ કરાવી આપવી અનિવાર્ય બને છે. આ સ્તરે આવેલા વિદ્યાર્થીઓ થોડા પરિપક્વ અને વધુ સમજદાર બની ગયા હોય છે. તેથી તેમની બોલવાની, લખવાની અને વિવેચનાત્મક દૃષ્ટિ પણ ખીલી હોય છે. ભાષાનો સૌંદર્ય પક્ષ, કથાત્મકતા અને ગેયતા, સંચાર માધ્યમોની સમજણ, શબ્દની વિવિધ શક્તિઓની સમજણ અને તેનો સામાજિક સંદર્ભ ઈત્યાદિની ભેદરેખા તેના મનમાં સ્પષ્ટ હોય છે. તેના અભ્યાસવિશ્વમાં પાઠ્યપુસ્તકો ઉપરાંત ફિલ્મ, રમત-ગમત અને ખેલકૂદ તેમજ અન્ય વ્યાપક વિષયોની પત્રિકાઓ અને સામયિકો પણ પ્રવેશ પામી ચૂક્યા હોય છે. આ સ્તરે પહોંચેલા વિદ્યાર્થીઓને માતૃભાષા ગુજરાતીનું શિક્ષણ એ રીતે આપવું જોઈએ કે તે તેની વ્યવહારની અને સંસ્કૃતિની ભાષા બની શકે. આ માટે એવો પ્રયાસ કરવો જોઈએ કે માતૃભાષા તેની લેખિત અને મૌખિક અભિવ્યક્તિની પણ ભાષા બને, તેની સામાજિક ઓળખ બને અને તેના આત્મવિશ્વાસમાં વધારો કરે.

**<u>માતૃભાષાના અધ્યયનથી વિદ્યાર્થીઓને થનારા લાભ</u>**

- વિદ્યાર્થી પોતાની રુચિ અને જરૂરિયાત મુજબ ગુજરાતી ભણી શકશે તેમજ ગુજરાતી ભાષામાં મૌખિક તથા લિખિત અભિવ્યક્તિ માટે સક્ષમ બનશે.
- રોજિંદા જીવન વ્યવહારના કામો જેવા કે વ્યાવસાયિક અને વ્યાવહારિક પત્રલેખન, અરજી કે આવેદન લેખન વગેરે માટેની સક્ષમતા પ્રાપ્ત કરી શકશે.
- ભાષા અને સાહિત્યનો સમન્વય – સાહિત્યકૃતિની ભાવાત્મક અને સંવેદનાત્મક અસરમાં ભાષાની ભૂમિકા શું છે, એ વિશે વિદ્યાર્થીઓ સભાન થશે.
- ભાષા અને સાહિત્યના સમન્વયથી વિદ્યાર્થીઓમાં સામાજિક મૂલ્યોનું દૃઢીકરણ થઈ શકશે.
- ઉચ્ચતર માધ્યમિક સુધી પહોંચતા સુધીમાં વિવિધ વિષયોની ભાષાના આંતરસંબંધની સમજ કેળવી શકશે.

**<u>માધ્યમિક સ્તરે માતૃભાષાના અધ્યયનના ઉદ્દેશો</u>**

- વિદ્યાર્થીઓમાં ભાષાકૌશલ્યનો વિકાસ કરવો.
- શબ્દ ભંડોળ અને શબ્દ શક્તિની સજ્જતા. બાળકોમાં રહેલું શબ્દ ભંડોળ 'પ્રવૃત્ત શબ્દ ભંડોળ' તરીકે ઉપયોગમાં આવે તેની તાલીમ આપવી.
- સઘન વિશ્લેષણ, સ્વતંત્ર અભિવ્યક્તિ અને તર્કક્ષમતાનો વિકાસ કરવો.
- વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સર્જનાત્મક શક્તિનો વિકાસ કરવો.
- સર્જનાત્મક સાહિત્યના વિવેચનાત્મક આસ્વાદની ક્ષમતાનો વિકાસ.
- સાહિત્યની પ્રભાવકારી ક્ષમતાના ઉપયોગ દ્વારા રાષ્ટ્રીયતા,ધર્મ,લિંગ,ભાષા ઈત્યાદિ વૈવિધ્ય સમાજ પરત્વે હકારાત્મક અને સંવેદનશીલ વલણનો વિકાસ.
- મતભેદ,વિરોધ અને સંઘર્ષની સ્થિતિમાં પણ ભાષાના તર્કપૂર્ણ અને સંવેદનશીલ ઉપયોગ દ્વારા સંવાદ સાધવાની ક્ષમતાનો વિકાસ.

**<u>ગુજરાતી ભાષા શિક્ષણને રૂચિકર બનાવવાના કેટલાક ઉપાયો:-</u>**

માધ્યમિક સ્તરે શિક્ષકની ભૂમિકા ઉચિત વાતાવરણ નિર્માણ કરવાની હોવી જોઈએ. ભાષા અને સાહિત્યના શિક્ષણમાં નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ:-

- વિદ્યાર્થી દ્વારા થતી ભૂલોને ભાષા શિક્ષણ સંદર્ભે સાહજિક ગણીને સ્વીકારવી જોઈએ જેથી વિદ્યાર્થી અબાધિત રૂપે શીખતો રહે અને મૌખિક અભિવ્યક્તિમાં સાહજિકતાનો અનુભવ કરે. ભાષાશુદ્ધિ માટે દુરાગ્રહ રાખવાથી તે કુંઠિત થઈ

જાય તેવું બને. તેને ભાષાના સહજ, કારગત અને સર્જનાત્મક રૂપોથી પરિચિત કરાવવો જોઈએ, જેથી પોતે જ ભાષાના સાહજિક ઉપયોગ કરવા પ્રેરાય.

- વિદ્યાર્થી સ્વતંત્ર અને અબાધિત રૂપે લિખિત અને મૌખિક અભિવ્યક્તિ કરે તે માટે જરૂર જણાય તો શિક્ષકે ભણાવવાની પદ્ધતિમાં ફેરફાર કરવા જોઈએ.
- પ્રત્યેક ભાષાના નિયમો અને વ્યાકરણ હોય છે. ભાષાની આ પ્રકૃતિની ઓળખ કરાવવામાં આસપાસના પરિવેશનો અને પાઠમાંના સંદર્ભોનો ઉચિત ઉપયોગ કરવો જોઈએ. આ આખી પ્રક્રિયા એવી હોવી જોઈએ કે વિદ્યાર્થી પોતાને સંશોધક સમજે અને શિક્ષક કેવળ માર્ગદર્શન આપે.
- સ્થાનિક બોલીઓ અને શબ્દોના પ્રયોગથી એ વાત સ્પષ્ટ કરી શકાય કે ભાષાનો પરિવેશ બહુભાષિક હોય છે.
- પરંપરાગત રૂઢિપ્રયોગો અને કહેવતો દ્વારા પૂર્વગ્રહો ન રચાય તેવી રીતે તેમનો ઉપયોગ કરવાની સમજ વિકસિત કરવી જોઈએ.
- મધ્યકાલીન કૃતિઓના સઘન અભ્યાસ અને એમાં રહેલી સંગીતાત્મકતાના પરિચય માટે ઓડિયો વિડીયો કેસેટ તૈયાર કરવી જોઈએ. કોઈ કલાકાર ઉપલબ્ધ હોય તો તેના ગાયન દ્વારા મધ્યકાલીન કૃતિઓને વધુ સારી રીતે સમજાવી શકાય.
- દસ્તાવેજી અને ફીચર ફિલ્મોને પણ શિક્ષણ સામગ્રી તરીકે ઉપયોગમાં લેવાની જરૂર છે. એમાં પ્રયોજાયેલી ભાષાની વિશિષ્ટતા દ્વારા ભાષાનું મહત્ત્વ સમજાવી શકાય.
- વર્ગમાં કેવળ એક જ પાઠ્યપુસ્તકને બદલે વિવિધ પુસ્તકોના પ્રયોગ દ્વારા શિક્ષક ભાષા શિક્ષણને સર્જનાત્મક બનાવી શકે છે.
- ભાષા સતત ગ્રહણ કરવાની પ્રક્રિયાથી બને છે તેથી શિક્ષક વિદ્યાર્થીઓને કહી શકે કે પોતે પણ સંદર્ભગ્રંથો, વિવિધ કોષ આદિનો ઉપયોગ કરે છે. આને લીધે વિદ્યાર્થીઓમાં પણ એનો ઉપયોગ કરવાની વૃત્તિ જાગૃત થશે.

## ભાષા કૌશલ્યો

કોઈ વ્યક્તિ જ્યારે ચોક્કસ ભાષા સાંભળીને બોલી શકે, વાંચી શકે અને લખી શકે તો જ સાચા અર્થમાં તેને ભાષા આવડી કહી શકાય. આમ ભાષા શીખવી એટલે ભાષા સાંભળવી,બોલવી, વાંચવી અને લખવી, અહીં ભાષા સાથે કુલ ચાર પ્રવૃત્તિઓ સંકળાયેલી છે. આ ચાર પ્રવૃત્તિઓને ભાષા કૌશલ્ય કહેવાય છે. આ પ્રક્રિયા મનોવૈજ્ઞાનિક અને શારીરિક છે.

**"ભાષા કૌશલ્યમાં શ્રવણ એ પ્રારંભિક કૌશલ્ય છે. શ્રવણ એટલે સાંભળવું તો ખરું જ પણ સાંભળેલા અવાજ, ભાષા કે સંગીતનું અર્થઘટન કે અર્થગ્રહણ કરવું તેને શ્રવણ કૌશલ્ય કહે છે."**

### શ્રવણ કૌશલ્યની કેટલીક પ્રવૃત્તિઓ:

- બાળકોને પ્રાસવાળા અને લયપ્રધાન ગીતો પાઠ્યપુસ્તકમાં આપેલા હોય છે, તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ. બીજા ગીતો પણ વર્ગમાં સંભળાવવા જોઈએ.
- શિક્ષકોએ વર્ગમાં બાળકોને સૂચના, આદેશ વગેરે સ્પષ્ટ ભાષામાં અને મધુર અવાજમાં આપવા જોઈએ. જેથી વિદ્યાર્થી તેને બરાબર સાંભળે અને તેનું અનુકરણ કરી શકે.
- વિદ્યાર્થીઓને વર્ગની બહાર લઈ જઈ કોઈ દ્રશ્ય કે વસ્તુઓ બતાવી નવા શબ્દો શીખવવા જોઈએ.
- એક વિદ્યાર્થી પોતાના અનુભવો વર્ગમાં રજૂ કરે અને અન્ય વિદ્યાર્થીઓ તેને બરાબર સાંભળી શકે તેવા પ્રસંગો ઊભા કરવા જોઈએ.
- તજજ્ઞોને આમંત્રી તેમની પાસે વક્તવ્ય રજૂ કરાવી શકાય.
- એક પાત્રીય અભિનય કરાવવો. પાઠ્ય-પુસ્તકમાં આવતા સંવાદોનું વાંચન વિદ્યાર્થીઓ પાસે કરાવવું.
- શાળામાં વિવિધ શ્રાવ્ય કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ અને બાળકોને સાંભળવાની તકો ઊભી કરવી જોઈએ.
- શિક્ષક વિદ્યાર્થીને તેમની દૈનિક ક્રિયા વિષે પ્રશ્નો પૂછી શકે અથવા દરેક બાળક તે વિષેની રજૂઆત કરે અને બીજા વિદ્યાર્થીઓ સાંભળે. એ ઉપરાંત વિવિધ રમતોનું પણ આયોજન કરી શકાય. (જેમકે, અંતાક્ષરી, શબ્દાક્ષરી, વાર્તા પૂરી કરવી વગેરે.)
- બાળક એકનો એક શબ્દ, શબ્દસમૂહ કે વાક્ય વારંવાર સાંભળે અને તેનું પુનરાવર્તન થયા કરે તો તે જલ્દી શીખે છે.
- રેડિયો ટેપરેકોર્ડર, ટી.વી. નો ઉપયોગ કરી વિવિધ બાબતો સંભળાવવી ત્યારબાદ તે વિષે પ્રશ્નો પૂછી મૂલ્યાંકન કરવું.
- ખોટા ઉચ્ચાર કરતાં હોય તો બાળકને સાચા ઉચ્ચાર વારંવાર સંભળાવવા.

- ચર્ચાસભા, વાર્તાકથન, વકતૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરવું.
- શિક્ષકેકોઈલેખ, વાર્તા, ગદ્યાંશ વાંચી તેને અનુરૂપ પ્રશ્નો પૂછવા.

**<u>કથન</u>**

**કથન કૌશલ્ય એટલે વ્યક્તિ (વિદ્યાર્થીના)ના મનમાં ઉદ્ભવતા વિચારોની પોતાની ભાષામાં અભિવ્યક્તિ. અર્થાત વ્યક્તિ જ્યારે પોતાના વિચારો અને લાગણીઓને વાણી દ્વારા રજૂ કરે છે ત્યારે તેને કથન કહેવામાં આવે છે.**
**"કથન એટલે વક્તા દ્વારા બોલાયેલું અર્થબોધ થાય તેવું વાક્ય."**

**<u>કથન કૌશલ્યના વિકાસ માટેની પ્રવૃત્તિઓ :</u>**

- વિદ્યાર્થીઓ પાસે નાની નાની વાર્તાઓનું કથન કરાવવું.
- વિદ્યાર્થીઓ તેમના સ્વાનુભવો રજૂ કરે.
- વિદ્યાર્થીઓ જોડકણા, ગીતો, કવિતા, ઉખાણા, અભિનય ગીત, પ્રશ્નમંચ વગેરે વર્ગ સમક્ષ કે પ્રાર્થના સભામાં રજૂ કરે.
- વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકમાંથી વિવિધ સંવાદો, નાટક વર્ગ સમક્ષ રજૂ કરે.
- વિદ્યાર્થીઓ પાસે રોલપ્લે, નાટયીકરણ , એકપાત્રિય અભિનય કરાવવા.
- જુદા જુદા વિષયો લઈ શબ્દાક્ષરી રમાડવી
  (દા.ત. નદીઓના નામ,શહેરના નામ,ભગવાનના નામ )
- વકતૃત્વ સ્પર્ધા તેમજ વાદ-વિવાદ જેવી સ્પર્ધાઓનું આયોજન કરવું.

**<u>વાચન</u>**

**વાચન એ પણ શ્રવણની જેમ અર્થગ્રહણ કૌશલ્ય છે. વાચન એટલે માત્ર અક્ષર કે શબ્દોને ઓળખવા એટલું જ નહીં, પરંતુ, અક્ષરો અને શબ્દોની મદદથી બનેલા વાક્યોનો અર્થ સમજવો.**
**વાચન એ દૃશ્ય સ્વરૂપલક્ષી કૌશલ્ય છે.**
**વિદ્યાર્થીઓની શૈક્ષણિક સફળતા માટે વાચન જરૂરી છે. આજના જ્ઞાન વિસ્ફોટ યુગમાં વાચન કૌશલ્ય જ્ઞાનાર્જન ખૂબ મહત્વનું બની રહે છે.**

**<u>વાચન કૌશલ્યના વિકાસ માટેની પ્રવૃત્તિઓ :</u>**

- શિક્ષકના નિરીક્ષણ હેઠળ શબ્દ વાચન
- એકમોનું સસ્વર, ભાવવાહી વાચન
- વાચન સ્પર્ધા
- પસંદગીની વાર્તાઓનું વર્ગ સમક્ષ વાચન
- પ્રાર્થના સભામાં સમાચાર પત્રોનું વાચન
- પુસ્તકાલયનો ઉપયોગ કરી રમૂજી વાર્તાઓનું વાચન કરાવવું.
- જાણીતા લેખકોના કે મહાનુભવોના પ્રેરક પ્રસંગોનું વાચન કરાવી તે વિષે પ્રશ્નો પૂછવા કે લખાવવા.
- ફ્લેશ કાર્ડ બનાવી નાના નાના પરિચ્છેદ, સુવાક્યો, જોડકણા, વાર્તા વગેરેનું વાચન કરાવવું.
- કાવ્યનું ભાવવાહી પઠન કરાવવું.
- ગુજરાતી સામયિકોમાંથી સારા લેખો પસંદ કરી તેનું વર્ગમાં વાચન કરાવી ચર્ચા કરવી.

**<u>લેખન</u>**

**વિદ્યાર્થી પોતાના ભાવ, લાગણી, જરૂરિયાત, વિચારો, સ્પંદનો શુદ્ધ રીતે સરળતાથી સાર્થક રીતે લખીને રજૂ કરે તે લેખિત અભિવ્યક્તિ છે.**

**<u>લેખન કૌશલ્યનું મહત્વ</u>**

- લેખન દ્વારા વ્યક્તિ પોતાની અભિવ્યક્તિને લાંબા સમય સુધી સાચવી રાખે છે.

- લેખન દ્વારા વિચારોનું આદાન-પ્રદાન કરી શકે છે, ભૂતકાળની માહિતી મેળવી શકે છે. જીવનનો ઉત્તમોત્તમ વિકાસ સાધી શકે છે.
- વ્યક્તિ પોતાના અનુભવો, સ્મરણો સાહિત્ય સ્વરૂપે સાચવી શકે છે.
- સામાજિક, ધાર્મિક, રાજકીય, શૈક્ષણિક, આર્થિક વ્યવહારો નિભાવવા લેખિત અભિવ્યક્તિ જરૂરી છે.
- જુદા જુદા વ્યવસાયમાં કુશળતા મેળવવા માટે લેખન ઉપયોગી થઈ પડે છે.

**<u>લેખન કૌશલ્યના વિકાસ માટેની પ્રવૃત્તિઓ :</u>**

- ઈતર વાચન પ્રત્યે શોખ કેળવાય તેવી પ્રવૃત્તિઓ યોજવી.
- વર્ણનશક્તિ અને કલ્પનાશક્તિ ખીલે તે માટે વિવિધ પ્રકારના લેખન કાર્યનું કક્ષા પ્રમાણે આયોજન કરવું.
- શબ્દ રમતની પ્રયુક્તિ યોજવી.
- ભાષા શિક્ષણની સામાન્ય ભૂલોની યાદી બનાવી વિદ્યાર્થીઓને તેની સમજ આપવી.
- વિદ્યાર્થી મૌલિકતાથી વાચી શકે તે માટે પ્રેરણા પૂરી પાડવી, વિદ્યાર્થીઓના સારા લેખનના નમૂનાઓનું વાંચન કરાવવું કે તેને ભીતપત્ર પર પણ મૂકી શકાય.
- અનુલેખન કાર્ય કરાવવું.
- વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન કરવું.
- નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવું.
- જોડણીની રમતો રમાડવી.
- બુલેટિન બોર્ડ પર વિચાર-વિસ્તાર, સુવાક્યો, સમાચાર વગેરે વિદ્યાર્થીઓ પાસે લખાવી મૂકવા.
- પ્રવાસ વર્ણન, અહેવાલ લેખન, જાહેરાત, આર્ટીકલ, વગેરે કરાવવું.
- જુદા-જુદા પ્રકારના પત્રો લખાવવા. (આવેદન પત્ર, નિમંત્રણ પત્ર, અભિનંદન પત્ર, આદેશ પત્ર, પ્રાર્થના પત્ર વગેરે.)
- સંવાદનું વાર્તામાં અને વાર્તાનું સંવાદમાં રૂપાંતર કરાવવું.

## <u>વ્યાકરણના નિયમોનું જ્ઞાન</u>

- વિદ્યાર્થીઓને સારી રીતે વ્યાકરણ શીખવવા માતૃભાષાના ફાળવેલા તાસ મુજબ વ્યાકરણ શિક્ષણના તાસ ફાળવી વ્યાકરણ શીખવવું.
- વ્યાકરણ શિક્ષણમાં આગમન-નિગમન પદ્ધતિનો ઉપયોગ કરી શિક્ષણમાં જીવંતતા લાવી શકાય છે.
- વ્યાકરણ પ્રત્યેના પૂર્વગ્રહ દૂર કરવા.
- શિક્ષકે વ્યાકરણ શીખવવા અને વિદ્યાર્થીને શીખતો કરવા સતત શિક્ષણમય વાતાવરણ બનાવવું.

## <u>વ્યાકરણબિંદુ</u>

- ધ્વનિ ઘડતર
- સંજ્ઞા,સર્વનામ, વિશેષણ, ક્રિયા, ક્રિયા વિશેષણ
- લિંગ,વચન, કાળ
- અકર્મક સકર્મક ક્રિયા
- વાક્ય,વાકયના પ્રકાર.
- સંધિ
- અલંકાર,સમાસ
- સંયોજક
- સમાનાર્થી, વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દ સમૂહ માટે એક શબ્દ.
- રૂઢિ પ્રયોગ, કહેવતો

# ધોરણ- 9 ગુજરાતી (010)

## અભ્યાસક્રમ - 2021-22

| ક્રમ. | કાવ્યનું નામ | પ્રકાર | કવિનું નામ |
|---|---|---|---|
| 1. | છપ્પા | છપ્પા | અખો |
| 3. | જ્યાં જ્યાં વસે એક ગુજરાતી | ઊર્મિગીત | ખબરદાર |
| 5. | તું તારા દિલનો દીવો | ઊર્મિગીત | ભોગીલાલ ગાંધી |
| 7. | નવસર્જનની વાટે | ગીત | બાલમુકુન્દ દવે |
| 10 | એ લોકો | અછાંદસ કાવ્ય | પ્રિયકાંત મણિયાર |
| 12. | તો જાણું | ઊર્મિગીત | સુરેશ દલાલ |
| 14. | મારું તારું | ગઝલ | રાજેન્દ્ર શુક્લ |
| 18. | દીકરીની વિદાય | ગીત | અનિલ ચાવડા |
| 20. | હરિ આવોને | લોકગીત | સંકલિત |
| 22. | લઘુકાવ્યો | દુહો,મુક્તક,હાઇકુ | હસમુખ પાઠક,રાવજી પટેલ |
| | | | |
| **ક્રમ** | **પાઠનું નામ** | **પ્રકાર** | **લેખકનું નામ** |
| 2. | પરોપકારી મનુષ્યો | હાસ્ય નિબંધ | વિદ્યાબહેન નીલકંઠ |
| 6. | ભાષા જાય તો સંસ્કૃતિ જાય | નિબંધ | ફાધર વાલેસ |
| 9. | પારખું | એકાંકી | જયંતી દલાલ |
| 11. | વારસાગત | લઘુકથા | દુર્ગેશ ઓઝા |
| 13. | ઘડવૈયા | રેખાચિત્ર | નાનાભાઇ જેબલિયા |
| 15. | સો ટચનું સોનું | ટૂંકી વાર્તા | સુધા મૂર્તિ |
| 17. | છબી ભીતરની | સંસ્મરણ | અશ્વિન મહેતા |
| 21. | પ્રાણીઓનું ગોકુળ | આત્મકથા અંશ | પ્રકાશ આમટે |
| | | | |
| | **પૂરક વાંચન** | | |
| 3. | ઉપમન્યુ | કથાવાર્તા | નાનાભાઇ ભટ્ટ |
| 4. | જન્મી રહેલા બાળક અને ભગવાન વચ્ચેનો સંવાદ | સંવાદલેખન | આઈ.કે.વીજળીવાળા |

# Question Paper Design,2021-22

# Class IX- Gujarati (Code No.010)

| Section | Details of Topics | Type of Questions. | No.of Questions | Total Marks |
|---|---|---|---|---|
| Section –A Reading (15 Marks) | Question from unseen prose passage | M.C.Q. | 05 | 5×1=5 |
| | Question from unseen prose passage | V.S.A. | 05 | 5×1=5 |
| | Question from unseen poetry | M.C.Q. | 05 | 5×1=5 |
| | | | | |
| Section-B Writing (20 Marks) | Essay of at least 200 words on contemporary issues, (Choice will be provided. ) | L.A. | 06 | 1×6=6 |
| | Story building from given points (Choice will be provided.) | L.A. | 05 | 1×5=5 |
| | Official Letter (Application, Compliant ) | L.A. | 05 | 1×5=5 |
| | Advertisement/Report Writing | L.A. | 04 | 1×4=4 |
| | | | | |
| Section-C Grammar (20 Marks) | Pronoun | V.S.A. | 02 | 2×1=2 |
| | Gender | V.S.A. | 02 | 2×1=2 |
| | Singular-Plural | V.S.A. | 02 | 2×1=2 |
| | Conjunction (Sanyojak – તો,અને,એટલે,અર્થાત, કારણ કે, જેમકે, જ્યાં----ત્યાં, જેનું---તેનું,જ્યારે-ત્યારે) | V.S.A. | 02 | 2×1=3 |
| | Synonyms from the text book | V.S.A. | 03 | 3×1=3 |
| | Antonyms from the text book | V.S.A. | 03 | 3×1=3 |
| | Idioms from the text book | V.S.A. | 03 | 3×1=3 |
| | Correct the Sentences | V.S.A. | 03 | 3×1=2 |
| | | | | |
| *Section-D Literature (25 Marks)* | | | | |
| | Prose Comprehension*(From PurakVachan)* | V.S.A. | 03 | 3×1=3 |
| | Answer in short (3 out of 4) | S.A. | 03 | 3×2= 6 |
| | Answer in detail (1 out of 2) | L.A. | 01 | 1×4=4 |
| | Answer in one sentence (2 out of 3) | S.A. | 02 | 2× 1=2 |
| | **Poetry** | | | |
| | Poetry Comprehension(From the text) | S.A. | 01 | 1×2=2 |
| | Answer in two/three sentences (2 out of 3) | S.A. | 02 | 2×2=4 |
| | Answer in one sentence (4 out of 5) | V.S.A. | 04 | 4×1=4 |
| **Total** | | | | **80-Marks** |
| **Internal** | | | | **20 Marks** |

**Prescribed Text Book : 'Gujarati' (Dwitiya Bhasha) for class IX (Ed.2016) published by Gujarat RajyaShalaPathyaPustak Mandal Vidhyayan, Sector 10A, Gandhinagar, Gujarat.**

## Internal Assessment- 20 Marks

**Periodic Written Test – 5 Marks (Total 3 Assessments in an academic year- Average of the best 2 to be taken for final marks submission)**

**Multiple Assessment – 5 Marks (Teachers can decide as per the context towards addressing the goal of assessment)**

**Portfolios - 5 Marks (a collection of student work over time that provides evidence and reflections demonstrating knowledge, abilities & understanding)**

**Subject Enrichment Activities – 5 Marks (Listening & Speaking Skill –eg. Reading Comprehension, Follow the directions, Relay the message, Elocution, Debate andArt integrated project worketc.)**

## ધોરણ- 10 ગુજરાતી (010)

## અભ્યાસક્રમ - 2021-22

| ક્રમ. | કાવ્યનું નામ | પ્રકાર | કવિનું નામ |
|---|---|---|---|
| 1. | મોરલી | પદ | મીરાંબાઈ |
| 4. | જીવન અંજલી થાજો | પ્રાર્થના | કરસનદાસ માણેક |
| 7. | જીવમાં જીવ આવ્યો | સૉનેટ | હરિકૃષ્ણ પાઠક |
| 9. | હાથ મેળવીએ | ઊર્મિકાવ્ય | નિરંજન ભગત |
| 11. | દીવાનખાનામાં | અછાંદસ કાવ્ય | પન્ના નાયક |
| 13. | ક્યાં રે વાગી | લોકગીત | |
| 15. | તે બેસે અહીં | ગઝલ | સ્નેહી પરમાર |
| 18. | લઘુકાવ્યો | દુહા,મુક્તક,હાઈકુ | |
| | | | |
| ક્રમ | પાઠનું નામ | પ્રકાર | લેખકનું નામ |
| 2. | શરણાઈના સૂર | ટૂંકી વાર્તા | ચુનીલાલ મડિયા |
| 3. | પ્રયાણ | નવલકથા અંશ | રમણભાઈ નીલકંઠ |
| 5. | શ્વેતક્રાંતિના પ્રણેતાઓ | રેખાચિત્ર | સંકલિત |
| 6. | સામગ્રી તો સમાજની જ છે ને? | પ્રસંગકથા | વિકાસ શર્મા |
| 8. | સૂરજ તો બધે જ સરખો | હાસ્ય નિબંધ | વિનોદ ભટ્ટ |
| 10. | નથી | ટૂંકી વાર્તા | મોહમ્મદ માંકડ |
| 12. | ઝબક જ્યોત | એકાંકી | કૃષ્ણલાલ શ્રીધરાણી |
| 14. | જેઠીબાઈ | લોકકથા | દુલેરાય કારાણી |
| 16. | પ્રાણનો મિત્ર | અનુવાદિત વાર્તા | રવીન્દ્રનાથ ટાગોર |
| 17. | ટિફિન | લઘુકથા | પ્રેમજી પટેલ |
| | | | |
| પૂરક વાંચન | | | |
| 1. | ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર | રેખાચિત્ર | કુમારપાળ દેસાઈ |
| 2. | અનોખુ મૈત્રીપર્વ | પ્રાણીકથા | હિમાંશી શેલત |
| 3. | સત્યવ્રત | વાર્તા | ઉમાશંકર જોશી |

## Question Paper Design, 2021-22

## Class X- Gujarati (Code No.010)

| Section | Details of Topics | Type of Questions. | No.of Questions | Total Marks |
|---|---|---|---|---|
| Section –A Reading (15 Marks) | Question from unseen prose passage | M.C.Q. | 05 | 5×1=5 |
| | Question from unseen prose passage | V.S.A. | 05 | 5×1=5 |
| | Question from unseen prose poetry | M.C.Q. | 05 | 5×1=5 |
| | | | | |
| | | | | |
| Section-B Writing (20 Marks) | Essay of at least 200 words on contemporary issues.(Choice will be provided.) | L.A. | 01 | 1×6=6 |
| | Story building from given points (Choice will be provided.) | L.A. | 01 | 1×5=5 |
| | Official Letter (Application, Complaint) (Choice will be provided) | L.A. | 01 | 1×5=5 |
| | Advertisement/Report Writing (100 words) | L.A. | 01 | 1×4=4 |
| | | | | |
| Section-C Grammar (20 Marks) | Adjective (ગુણવાચક,પરિમાણવાચક,સાર્વનામિક) | V.S.A. | 03 | 3×1=3 |
| | Change the Tense(મુખ્ય ત્રણ પ્રકાર- ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ) | V.S.A. | 03 | 3×1=3 |
| | Prepositional suffix ( Anug- Namyogi) | V.S.A. | 03 | 3×1=3 |
| | Idioms from the text book | V.S.A. | 03 | 3×1=3 |
| | Give one word for Many | V.S.A. | 03 | 3×1=3 |
| | Correct the Sentences | V.S.A. | 03 | 3×1=3 |
| | Punctuation (Full stop, Comma, Exclamation Mark, Question Mark, Semicolon) | V.S.A. | 02 | 2×1=2 |
| Section-D Literature (25 Marks) | **Prose** | | | |
| | Prose Comprehension *(From PurakVachan)* | V.S.A. | 03 | 3×1=3 |
| | Answer in short (3 out of 4) | S.A. | 03 | 3×2= 6 |
| | Answer in detail (1 out of 3) | L.A. | 01 | 1×4=4 |
| | Answer in one sentence (2 out of 4) | S.A. | 02 | 2× 1=2 |
| | **Poetry** | | | |
| | Poetry Comprehension(From the text) | V.S.A. | 03 | 3×1=3 |
| | Answer in two/three sentences (2 out of 3) | S.A. | 02 | 2×2=4 |
| | Answer in one sentence (3 out of 5) | V.S.A. | 03 | 3×1=3 |
| **Total** | | | | **80-Marks** |
| **Internal** | | | | **20 Marks** |

**Prescribed Text Book : 'Gujarati' (Dwitiya Bhasha) for class X (Ed.2017) published by Gujarat RajyaShalaPathyaPustak Mandal Vidhyayan, Sector 10A, Gandhinagar, Gujarat.**

## Internal Assessment- 20 Marks

**Periodic Written Test – 5 Marks (Total 3 Assessments in an academic year- Average of the best 2 to be taken for final marks submission)**

**Multiple Assessment – 5 Marks (Teachers can decide as per the context towards addressing the goal of assessment)**

**Portfolios - 5 Marks (a collection of student work over time that provides evidence and reflections demonstrating knowledge, abilities & understanding)**

**Subject Enrichment Activities – 5 Marks (Listening & Speaking Skill –eg. Reading Comprehension, Follow the directions, Relay the message, Elocution, Debate andArt integrated project worketc.)**